# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# પ્રશ્નોત્તરી, તા. ૨૭-૩-૧૯૮૯
# શિકોહાબાદ, પ્રવચન નંબર P03

પ્રશ્ન: જ્ઞાની નો જન્મ થાય છે ત્યારે સામાન્ય સ્વભાવનું પડખું બહાર આવેછે, એનું શું પ્રયોજન છે અને શું ભાવ છે? કૃપા કરીને સમજાવો.

ઉત્તર: અનંત અનંત કાળ વીત્યે, આત્માને પોતાનો શુદ્ધઆત્મા, જે સામાન્ય પડખું છે, જે નિત્ય નિરવાણ અને પરિપૂર્ણ પરમાત્મા પદાર્થ છે અંદર બિરાજમાન છે. સામાન્ય પડખું ટંકોતકીર્ણ જેનું લક્ષણ પરમ પરિણામીક સ્વભાવ છે, તે નિત્ય ધ્રુવ છે શાશ્વત છે. આત્મા, જે સામાન્ય પડખું આત્માને જાણ્યો નહીં આજસુધી. અને વિશેષ પડખું એટલે પર્યાય, પર્યાયમાં જે ૧૪ ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસમાસ, રાગ-દ્વેષ, મોહ, હર્ષ-શોક આદિ અનેક પ્રકારના જે પરિણામ ઉત્પન થાય છે, ઇંદ્રિયજ્ઞાન પ્રગટ થાય છે, એનાથી વિશેષને જાણ્યો. પણ સામાન્યને જાણ્યો નહીં, ખરેખર સાંભળ્યો પણ નહીં. એને સંભળાવનારાનો જન્મ ક્યારેક-ક્યારેક જ થાય છે. એટલે કે જ્યારે જ્ઞાનીનો જન્મ થાય છે અને જ્ઞાની મળે છે, તો વિશેષના પડખાનું જ્ઞાન કરાવતા કરાવતા એનું લક્ષ છોડી દે અને એનાથી ભિન્ન ભગવાન આત્મા એનું લક્ષ કર . એ છે, અનંતગુણાત્મક પદાર્થ વિધ્યમાન છે.

પરિણામ છે, તો દ્રવ્ય હોવું જોઈએ, એટલું તો અનુમાનમાં આવે છે. સૂર્યનો પ્રકાશ છે, તો સૂર્ય છે જ. સૂર્યનો પ્રકાશ સૂર્ય વગર, એનો વિશેષ સામાન્ય વગર, હોઇ ન શકે. તો વિશેષને બધા જાણે છે, કર્તા ભોક્તા જાણે છે. પણ આત્મા અકારક અવેદક છે, ફક્ત જ્ઞાયક જ્ઞાતા છે, શુદ્ધ છે, પરિપૂર્ણ છે, એ પડખું જે સામાન્ય પડખું, એનો પરિચય નથી એની વાત સાંભળી જ નથી. તો જ્યારે જ્ઞાનીનો જન્મ થાય છે, તો એક પડખાંનો તો પરિચય છે બધાંને, કામ, ક્રોધ, બંધન ની કથા આ કરવું અને આ ભોગવવું. અને કર્તા છે, ભોક્તા છે આત્મા, આવી વાત તો સાંભળી અને અનુભવમાં પણ એ વાત આવી. પણ એ પરિણામથી ભિન્ન પૃથક આત્મા, અંતરમાં અનંત ગુણાત્મક બિરાજમાન છે, એવી વાત બહાર ક્યારે આવે છે? કે જ્યારે જ્ઞાનીનો જન્મ થાય છે ત્યારે. અને જ્ઞાનીએ તે સામાન્ય પડખું અનુભવમાં લઈ લીધું. સામાન્યનું શ્રધ્દ્ધાન અને વિશેષ નું જ્ઞાન. સામાન્યનું શ્રધ્દ્ધાન અને વિશેષનું જ્ઞાન. જ્ઞાનીને બંને છે, સામાન્યનું અવલંબન અને વિશેષ જે જાણવાલાયક છે, બસ એટલું જ. તો એની અંદરમાં પ્રયોજન એ છે, પ્રયોજન કે સામાન્ય સ્વભાવનું લક્ષ કરવાથી જીવને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે . મોક્ષમાર્ગ પ્રગટ થઈ જાય છે. વિશેષના લક્ષથી વિકલ્પ ઉત્પન થાય છે.

સામાન્ય શુધ્દ્ધમ વિશેષ અશુધ્દ્ધમ. સામાન્ય સ્વભાવ શુદ્ધ છે, શુદ્ધને જાણે છે, તો સંવર નિર્જરા શુદ્ધ પર્યાય પ્રગટ થઈ જાય છે. અને વિશેષના લક્ષથી અશુદ્ધ પરિણામ રાગાદી પ્રગટ થઈ જાય છે, તો વિશેષનું લક્ષ છોડી દે. વિશેષને છોડી દે એમ નહીં. વિશેષનું લક્ષ છોડી દે, એટલે

વિશેષમાં આત્મબુધ્ધિ છોડી દે, એમાં અહંબુધ્ધિ છોડી દે. દેહ છોડવાનો નથી, દેહમાં આત્મબુધ્ધિ છૂટે છે. કર્મ નથી છૂટતું, કર્મમાં આત્મબુધ્ધિ છૂટે છે. રાગ નથી છૂટતો, રાગમાં અહંબુધ્ધિ છૂટી જાય છે અને સ્વભાવમાં અહંબુધ્ધિ આવે છે, તો અનુભવ થાય છે. તે સામાન્ય પડખાનું પ્રયોજન આશ્રયભૂત પદાર્થ છે. એનો આશ્રય કરો, એનું લક્ષ કરો એ પ્રયોજન છે. મુમુક્ષુ: ઉપશમ અને ક્ષયોપશમ સમ્યકત્વ થાય છે, આ કાળમાં,

મુમુક્ષુ: ઉપશમ અને ક્ષયોપશમ સમ્યકત્વ થાય છે, પરંતુ ગાથામાં તો ક્ષયની ધ્વનિ છે, એનાથી શું અભિપ્રાય છે?

ઉત્તર: એનો અભિપ્રાય એ છે કે થાય છે તો પંચમ કાળમાં. પંચમ કાળ છે ને, તો અહિયાં ક્ષાયિક સમ્યગ્દર્શન નથી થતું. પહેલાં ઉપશમ પછી ક્ષયોપશમ થાય છે, તો પણ ગાથામાં ક્ષયની ધ્વનિ આવી, તો હંમેશા વાત તો ઉંચી કરવી જોઇએ, વાત તો ઉંચી કરવી જોઇએ. ત્યાં સુધી ન પહોંચે તો પણ વાત તો ઉંચી કરવી જોઇએ. કે ભાઈ હું દુકાન કરીશ, અને પાંચ પચીશ લાખ રૂપિયા કમાવવાળો છું. પછી બંગલો લઇશ, મોટર પણ લઇશ. એ તો દ્રષ્ટાંત છે, ઉંચી વાત કરવી જોઈએ. જેમ વિદ્યાર્થી પરીક્ષામાં બેસે છે ને, મારો પહેલો નંબર આવવાનો છે. એ બોલે નહીં કે મારો દસમો નંબર આવશે. પહેલો નંબર બોલશે, પછી ભલે ને ૧૧ મો નંબર આવે. પણ બોલે છે તો (એ બોલે છે કે) પહેલો નંબર આવશે. લક્ષ્ય તો ઊંચું જ રાખવું જોઈએ. બોલવામાં ઓછી દરિદ્રતા, વચને કિમં દરિદ્રતા, વચન વાણી તો ઉંચી જ હોવી જોઈએ. આહાહા! તો એવા ક્ષયની ધ્વનિ આવી છે, તો ક્ષય જ છે, ક્ષયોપશમ એવો છે કે આગળ વધીને ક્ષય જ થવાનો છે, એવું સંધિવાળું વાક્ય છે. એવી વાત છે, કે આ પંચમકાળમાં જેને સમ્યગ્દર્શન થાય છે અને લાંબા સમય સુધી ટકતો નથી, તો છૂટતો નથી. પરંપરારૂપ ક્ષાયિક થઈ જાય છે, એવી સંધિ છે. એટલે ક્ષયની ધ્વનિ, ઉંચી વાત કરે છે બસ . ભલે ક્ષય હોય, હોય નહીં તો કાંઇ નહીં પણ ક્ષયોપશમ તો હોય, ઉપશમ તો થઈ જાય, એમ.

મુમુક્ષુ: એક સમયમાં રાગ અને વીતરાગતા બંને ભાવ સાથે થાય છે?

ઉત્તર: હાં! સાથે રહે છે. શું કહ્યું? (રહે છે) હોય છે એમ નહીં, રહે છે. (રહી શકે છે.) રહી શકે છે. મિથ્યાત્વ પણ હોય અને સમ્યક્ત્વ પણ હોય, એવું સાથે નથી. સમજ્યા? સાથે હોતા નથી, સાથે રહે છે. અનુભવ પછી, આત્માના અનુભવના પહેલાં તો એકલો રાગ હતો, વીતરાગભાવ તો નહતો. તો જ્યારે અનુભવ થયો, જ્યારે અનુભવ થયો, તો અનુભવના કાળમાં સ્વરૂપાચરણ ચારિત્ર અંશે સ્થિરતા, વીતરાગતા ભાવ પ્રગટ થઈ ગયો. અને સાથે અપ્રત્યાખ્યાન આદિનો રાગ, અસ્થિરતા નો રાગ, ચારિત્રનો દોષ પણ સાથે રહે છે. સમય એક, પર્યાય એક, ભાગ બે છે. સમય એક, પર્યાય એક, ભાગ બે. સ્વસન્મુખતા આદિ જે જેટલો ભાગ છે, એટલામાં તો વીતરાગતા પ્રગટ થઈ ગઈ અને પરસન્મુખવાળી જે પર્યાય છે, એટલો તો એમાં રાગ છે. કેમકે જો વીતરાગ ભાવ ન હોય અને એકલો રાગ હોય તો મિથ્યાદ્રષ્ટિ, અને એકલો વીતરાગ ભાવ હોય અને રાગ સાથે ન હોય, તો યથાખ્યાત ચારિત્ર હોવું જોઈએ, એવું તો નથી. એટલે એક સમયની પર્યાયમાં મિશ્ર અવસ્થા રહે છે. સમજ્યા? ઉત્પન્ન બે નથી થતાં, પણ ઉત્પન્ન થયા પછી સાથે રહે છે. સાધકને, જ્ઞાન ચેતના અને કર્મ ચેતના સાથે રહે છે. એમાં વિરોધ નથી. સાથે રહેવામાં વિરોધ નથી. જેટલી એમાં વીતરાગતા, એના

કારણથી નિર્જરા થાય છે, જેટલો રાગ થાય છે એના કારણથી અલ્પ બંધ પણ થાય છે. નિર્જરા પણ થાય છે થોડી અને બંધ પણ થોડો થાય છે.

મુમુક્ષુ:- એક સમયમાં બે કાર્ય થાય છે?

ઉત્તર: હાં! એક સમયમાં બે કાર્ય થાય છે. જો એક સમયમાં એક જ કાર્ય હોય, સમજો હવે તર્ક, જો એક સમયમાં એક જ કાર્ય થાય (જેમ) બંધ પણ હોય, નિર્જરા ન હોય, તો તો સાધક ન (રહે) અને મોક્ષ ન થાય. અચ્છા એકલી નિર્જરા થઇ જાય, એક સમયમાં બધું, અને નવો બંધ હોય નહીં તો બે ચાર ભવ પણ કેમ હોય? સમજ્યા? ન્યાયથી બધું સિદ્ધ થાય છે.

મુમુક્ષુ:- વિભાવ સ્વભાવનો શું અર્થ છે?

ઉત્તર: ફજલમાં (પહેલાં) વાત ચાલી હતી કે, પર્યાયમાં જે રાગાદીનો વિભાવ થાય છે, તે પર્યાયનો વિભાવ સ્વભાવ છે. પર્યાયનો વિભાવ થવાનો એનો ધર્મ છે, સ્વભાવ એટલે ધર્મ, ધર્મ એટલે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણી મોક્ષમાર્ગ નહીં. ધર્મ એટલે, એ અપેક્ષિત ધર્મ છે. ધર્મ એટલે જે રાગને ધારી રાખે છે પર્યાય, એનું નામ, એનો પર્યાયનો ધર્મ છે. તો એ વિભાવ થયો, તો વિભાવ પણ એની પર્યાયનો સ્વભાવ છે. વિભાવ, દ્રવ્યનો સ્વભાવ તો નથી, પણ જ્યારે મિથ્યાત્વની પર્યાય થઈ તો વિભાવ થઇ ગયો, તો વિભાવ પણ એ પર્યાયના સ્વભાવથી જ છે. પર્યાયનો સ્વભાવ છે. રાગ થાય છે, તો રાગ પર્યાયનો સ્વભાવ છે. તત્તસમયની યોગ્યતા, સ્વભાવનો અર્થ ધર્મ. સ્વભાવનો અર્થ ધર્મ. આવો ધર્મ રહે છે પર્યાયમાં, એનું નામ વિભાવ સ્વભાવ કહે છે.

મુમુક્ષુ:- જ્ઞાની પુણ્ય પાપની ક્રિયાનો કર્તા-ભોક્તા નથી, એ કેવી રીતે હોય? કૃપાકરીને ખુલાસો કરો.

ઉત્તર: જ્ઞાની પુણ્ય પાપના પરિણામનો કર્તા-ભોક્તા નથી. તો એનું રહસ્ય શું છે? તો એનું કારણ શું છે? કારણકે એને ભેદજ્ઞાન થઇ ગયું. પુણ્ય-પાપથી ભિન્ન શુદ્ધાત્માનો અનુભવ થઈ ગયો. તો પુણ્ય-પાપના પરિણામની સાથે એકત્વબુદ્ધિ તૂટી ગઈ. એકત્વબુદ્ધિ છૂટી ગઈ તો કર્તાબુદ્ધિ પણ ગઈ અને ભોક્તાબુદ્ધિ પણ ગઈ. તો એક જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ છે. પુણ્ય-પાપનો કર્તા-ભોક્તા કેમ નથી કે જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ પ્રગટ થઇ ગઈ. જ્ઞાન શું અને વૈરાગ્ય શું? જ્ઞાનનું નામ તો એ છે કે પુણ્ય-પાપથી મારો આત્મા જુદો છે અને એ નિરંતર આત્માને જાણે છે. પુણ્ય પાપથી ભિન્ન મારો આત્મા છે અને નિરંતર જ્ઞાનમાં જ્ઞાયક જાણવામાં આવે છે. એનું નામ જ્ઞાન છે. અને વૈરાગ્ય (નો અર્થ), પુણ્ય પાપના પરિણામ મારા નથી, એની નિરંતર ઉપેક્ષા રહે છે. તેથી એનો સ્વામી નથી બનતો, તેથી કર્તા-ભોક્તા નથી થતો. હાં! અસ્થિરતાથી થોડી કતૃત્વ નય છે અને ભોકતૃત્વ નય છે. તો થોડું દુ:ખનું વેદન પણ જ્ઞાનીને જેટલા ભાગમાં જેટલો એમાં રાગ થાય છે, તો વ્યવહારનયથી ભોક્તા કહેવામાં આવે છે. પરંતુ એ જ સમયે પણ કર્તા નયની સાથે અકર્તા નય છે, તો સાક્ષી પણ છે, તેથી કર્તાબુદ્ધિ નથી થતી. અને ભોક્તા નય છે તો ભોક્તા છે તેથી એ સમયે અભોક્તા નય પણ છે, તો અભોક્તા નયથી જ્ઞાતા રહે છે. તેથી એકત્વ નથી થતું, પરિણામ જેવા છે એવું જ્ઞાન રહે છે. એકત્વ નથી થતું, તેથી પુણ્ય પાપનો ભોક્તા નથી. અજ્ઞાની પુણ્ય પાપનો ભોક્તા છે, તો (એનાથી) એકત્વ કરી લે છે.

મુમુક્ષુ:- સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં જ્ઞાન અને ચારિત્રની શું ઉપયોગિતા છે?

ઉત્તર: સમ્યગ્દર્શનની પ્રાપ્તિને માટે જ્ઞાનની ઉપયોગિતા શું અને ચારીત્રની ઉપયોગિતા શું? એવો પ્રશ્ન આવ્યો. તો જ્ઞાનની ઉપયોગિતા તો એવી છે, જે જ્ઞાન આત્માને જાણે છે જ્યારે, ત્યારે જાણનારનું શ્રધ્ધાન થઈ જાય છે, એ જ્ઞાનની ઉપયોગિતા છે. જ્ઞાન જેને જાણે છે એનું શ્રધ્ધાન થઈ જાય છે. જ્ઞાન, ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે, તો પર મારું છે એવું વિપરીત શ્રધ્ધાન થઈ જાય છે. હવે આવું જ્ઞાન અંતર્મુખ થાય , ઇન્દ્રિયજ્ઞાન બહાર રહી જાય છે, અતીન્દ્રિયજ્ઞાન આત્માશ્રિત પ્રગટ થાય છે. તો અતીન્દ્રિય જ્ઞાનમાં જ્યારે આત્મા જાણવામાં આવે છે, તો જાણેલાનું શ્રધ્ધાન થઈ જાય છે, પ્રતીતિ આવી જાય છે. જાણેલાનું શ્રધ્ધાન થઈ જાય છે, તો એની અંદર ચારિત્ર પણ સાથે પ્રગટ થાય છે. ત્રણે અંશ એક સાથે પ્રગટ થાય છે. ત્રણ અંશ છે, મોક્ષમાર્ગના ત્રણ અવયવ છે. સામ્યગદર્શન, સમ્યગજ્ઞાન અને સામ્યગચારિત્ર, ત્રણે અંશ વીતરાગભાવ છે. એ બધા રાગથી રહિત છે. નિશ્ચય મોક્ષમાર્ગ વ્યવહાર રત્નત્રયથી રહિત છે. જોડે (સાથે) ભલે બાજુમાં હોય તો દેહ પણ છે, કર્મ પણ છે, રાગ પણ છે, આહાહા! તે એને નડતાં (નુકસાન કરતા) નથી. એ એનામાં રહે છે, પરિણામ વીતરાગભાવ એનામાં રહે છે અને જ્ઞાયકભાવ જ્ઞાયકભાવમાં રહે છે. એ વિભાગ (બટવારો) થઈ ગયો. ખલાશ!

આવી સ્તિથિ હોય છે, તો જ્ઞાનનું પ્રયોજન આત્માને જાણીને શ્રધ્ધાન કરવું, આટલું જ્ઞાનનું પ્રયોજન છે. અને એ વખતે જ્યારે જ્ઞાન ભેદજ્ઞાનનો વિચાર કરે છે, ત્યારે ચારિત્રની શું વાત હોય છે, કે (ત્યારે) એક ગર્ભિત શુધ્દ્તા પ્રગટ થઈ જાય છે. ગર્ભિત શુધ્દ્તાનો અર્થ શું છે કે ભેદજ્ઞાનનો વારંવાર વિચાર કરવો એ વ્યવહાર છે. ભેદજ્ઞાનનો વારંવાર વિચાર કરવો એ વ્યવહાર છે. અભેદનો અનુભવ કરવો એ નિશ્ચય છે. પણ નિશ્ચયની પહેલાં ભેદજ્ઞાનનો વિચાર જે જીવ કરે છે, ત્યારે ગર્ભિત શુધ્દ્તા પ્રગટ થાય છે. એટલે કે કષાયની મંદતા એજ સમયે થઈ જાય છે, પોતાની જાતે, કષાયની મંદતા થઈ તેથી ચારિત્ર થઈ ગયું, એવું નહીં. પર(પણ) પૂર્વ ભૂમિકામાં એવો બનાવ બની જાય છે, અંતમૃખ થાય છે તો સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થઈ જાય છે. તો ત્રણે સાથે અવિનાભાવ છે. પણ સામાન્ય રીતે તો ચોથા પાંચમા ગુણસ્થાનવાળો, ચારિત્ર અંશ છે, પણ ચારિત્ર ખરેખરતો છટ્ઠે સાતમે ગુણસ્થાન મુનિરાજને ચારિત્ર કહેવાય છે. શુધ્ધોપયોગને ચારિત્ર કહેવાય છે.

મુમુક્ષુ:- સમ્યગ્દર્શન તો પ્રગટ થયું નથી અને વ્રત પણ પાંચમા ગુણસ્થાનમાં ધારણ કરી શકે છે. તો પછી ધર્મની શરૂવાત કેવી રીતે કરે?

ઉત્તર:- જૂવો પ્રશ્ન આવ્યો કે સમ્યગ્દર્શન તો પ્રગટ થયું નથી. અને સમ્યગ્દર્શન પ્રગટ નથી થયું, તો પ્રગટ થશે, હમણાં છોડો એ વાત. હમણાં તો થોડા વ્રત તપ કરી લે તો સમ્યગ્દર્શન તો પછી થઈ જશે. એવું કોઇ કરે, તો એ લાઇનમાં ફરક છે. લાઇનમાં ફરક શું છે, કે આશ્રવના અભાવમાં ક્રમ પડે છે. આશ્રવ એટલે મિથ્યાત્વ, અવિરત, કષાય અને યોગ. ચારેય નામ આવે છે ને ( અને) પ્રમાદ લઈ લઈએ તો પાંચ નામ આવે છે. હવે સંક્ષેપમાં કરો તો મિથ્યાત્વ, અવિરત, કષાય અને યોગ, એનો અભાવનો ક્રમ છે. એ ક્રમ ભંગ નથી થતો. મિથ્યાત્વ રહી જાય અને અવિરત છૂટી જાય અને વ્રત થઈ જાય એવું નથી થતું. મિથ્યાત્વ, અવિરત, કષાય અને યોગ. મિથ્યાત્વ શ્રધ્ધા ગુણની પર્યાયનું

પાપ છે, અવિરત ચારિત્ર ગુણની પર્યાયનું પાપ છે, સમજ્યા. અવિરત એટલે પાપનો ત્યાગ નથી હજી તો, પાપ જ છે. તો એનો ક્રમ ભંગ નથી થતો.

પહેલાં સમ્યગ્દર્શન થાય છે, પછી દેશવ્રત, પછી આ મહાવ્રત હોય છે, એવો ક્રમ છે. તો હવે કોઈ ક્રમ ભંગ કરે, તો એમાં દોષ આવી જાય છે. દોષ શું આવી જાય છે? કે વ્રતાદિક ભાવ કર્તાબુદ્ધિથી કરે છે. તો એક તો, એ બંધનું કારણ છે અને એને ચારિત્રનું કારણ માણી. ચારિત્રનો મેલ છે એને ચારિત્ર માની લીધું એ દોષ છે. હાં! એવું છે, કોઈ પ્રેક્ટિસ કરે તો કષાયની મંદતા છે, એવું સમજવું જોઈએ. વ્રત નથી. પણ કષાયની મંદતા છે. મારા પરિણામમાં કષાયની મંદતા છે, તો કોઈ દોષ નથી. પણ એને વ્રત માને અને નિર્જરાનું કારણ માને, તો તો દોષ છે. સંવર નિર્જરારૂપ નથી એ. ઉદય ભાવ છે. ઉદય ભાવ બંધનું કારણ છે.

જ્ઞાનીનું દેશવ્રતનું પરિણામ પણ બંધનું કારણ, તો અજ્ઞાની દેશવ્રતની પ્રેક્ટિસ કરે, તો બંધનું કારણ જ છે. તો એમાં કોઈ શંકા નથી. એનો અર્થ એ નથી, ઊલટું ન લાવું કે પાપ કરવા ની છૂટ છે. પાપ કરવાની તો (છૂટ નથી). અન્યમતી પાપનો ઉપદેશ ન દે તો જૈન દર્શન માં કોઈ પુણ્ય છોડો અને પાપ કરો, એવો ઉપદેશ તો નથી. ઊંચે-ઊંચે જવાનો ઉપદેશ છે.

એક વાર એવું થાય ભાઈ! કે રાજકોટમાં ગુરુદેવ પધર્યા હતા. તો એક મુંબઈવાળી પાર્ટી છે, છોટુભાઈ વિરાણી. તો રાજકોટના જ છે, તો વ્યાખ્યાન માં પણ આવે, રાત્રિ ચર્ચામાં પણ આવે. તો એમાં એક પ્રશ્ન કર્યો કે હે ગુરુદેવ! આપ ફરમાવો છો કે આત્માના અનુભવથી જ ધર્મની શરૂવાત થાય છે. આત્માના અનુભવ વગર ધર્મની શરૂવાત નથી હોતી. તો મારો એક પ્રશ્ન છે. મારો એક પ્રશ્ન છે, કે હું અનુભવ સુધી તો પહોંચ્યો નથી. અને પાપ કરવું જ નથી. અને બાકી કહ્યું પુણ્ય, તો પુણ્ય કરવું કે નહીં કરવું? ફરીથી, આપ ફરમાવો છો એટલે સર્વજ્ઞ ભગવાન ફરમાવે છે, કુંદકુંદ આચાર્ય ભગવાન ફરમાવે છે કે આત્માના અનુભવથી જ ધર્મની શરૂવાત થાય છે અને લીનતાથી વૃદ્ધિ થાય છે અને પૂર્ણ લીનતા થી મોક્ષ થાય છે. એવી સ્થિતિ તો અમે કરી શકતા નથી, ત્યાં સુધી અમે પહોંચતા નથી. અમારી પહોંચ અત્યારે નથી. સમજ્યા? અને પાપ તો કરવું નથી. પાપ કરવાથી તો નરકમાં, નિગોદમાં , તિર્યંચ માં. તિર્યંચમાં અમારે નથી જવું. પાપ કરવું નથી, અનુભવ સુધી પહોંચ્યા નથી, તો પુણ્ય કરવું કે નહીં કરવું? એવો પ્રશ્ન ન કર્યો કે પુણ્યથી ધર્મ થાય છે (કે નથી થતો), એવો પ્રશ્ન નથી કર્યો. પુણ્ય કરવું કે નહીં કરવું? અનુભવ ક્રિયા સુધી પહોંચી શકતા નથી, પાપની ક્રિયા કરવી નથી, તો બાકી રહી ગયું પુણ્ય, તો પુણ્ય કરવું કે ન કરવું? એવો પ્રશ્ન આવ્યો

તો ગુરુદેવે શું કહ્યું પ્રશ્નના ઉત્તરમાં- જ્યારે-જ્યારે આ પુણ્યના પરિણામ આવે, પાપના પરિણામ આવે, ત્યારે-ત્યારે એવો વિચાર કરવો, કે પુણ્ય પાપના પરિણામ જે આશ્રવ તત્વ છે, એનાથી મારો આત્મા ભિન્ન (જૂદો) છે. એવો વારં-વાર વિચાર કરવો. પુણ્ય કરવું એમ પણ ન કહ્યું અને નહીં કરવું એમ પણ ન કહ્યું. પુણ્ય કરવું એમ પણ ન કહ્યું અને ન કરવું એમ પણ ન કહ્યું. તો શું કહ્યું? કે જે આત્મા કરી શકે છે એ કહ્યું. આત્મા જ્ઞાન કરવા વાળો છે. શું કહ્યું? કે પુણ્ય પાપથી ભિન્ન (જૂદો) મારો આત્મા છે. એવો વારંવાર આત્માનો વિચાર કરવો. ભેદજ્ઞાનનો વિચાર કરવો. બોલો! પુણ્ય કરવું એ પણ ન કહ્યું અને ન કરવું એ પણ ન કહ્યું. એવી વાત કહે છે.

મુમુક્ષુ:-એમને તો એમ હતું મોઢું ફાડીને બેઠા હતા કે હમણાં ગુરુદેવ બોલશે તો ગુરુને બાંધી દેશું.

ઉત્તર:- હાં! ગુરુને બાંધી દીધા. એની (શિષ્યની) આશા એવી હતી, પણ જવાબ બીજો આવ્યો.

મુમુક્ષુ ૧ :- બીજો પણ આવે ને. મુમુક્ષુ ૨:- ભલી હોનહાર છે!

ઉત્તર:- બીજો જ આવે ને. પુણ્ય કરવું એવા ઉપદેશનો અર્થ શું છે? કે તમે દૂ:ખી થાઓ. એનો અર્થ શું થયો? એવા આશીર્વાદ જ્ઞાની આપેજ નહીં. કેમ? બધા શાસ્ત્રની વાત કહું છું હું કે પુણ્ય અને પાપ આશ્રવ તત્વ છે, એમાં આકુળતા થાય છે. પુણ્ય પણ આકુળતા અને પાપ પણ આકુળતા. કેમકે આશ્રવ તત્વનું લક્ષણ દૂ:ખ જ છે. તો પુણ્ય કરો, એનો અર્થ કે તમે દૂખી થાઓ. એવો ઉપદેશ જ્ઞાનીનો હોંતો નથી. પુણ્ય પાપથી ભિન્ન તારા આત્માનું જ્ઞાન કરી લે.

મુમુક્ષુ:- ઘણું સરસ...ઘણું સ્પષ્ટ.. ઘણી સરસ વાત છે.

ઉત્તર:- આ અનાદિનો પ્રશ્ન એવો હોય છે, આજ કાલનો નથી. અનાદિનો આવો જ પ્રશ્ન હોય છે.

મુમુક્ષુ:- જ્ઞાની એવો જ જવાબ દે છે.

ઉત્તર:- (જ્ઞાની) એવો જ જવાબ આપે છે. પુણ્ય પાપથી ભિન્ન તારા આત્માનું ધ્યાન કર. જ્ઞાન કર. ધ્યાન કર. એનું શ્રધ્દ્ધાન કરી લે. આહાહા! સુખી થવાનો જ રસ્તો બતાવે છે. દૂ:ખી થવાનો રસ્તો બતાવે જ નહીં (જ્ઞાની). જો પુણ્ય કરી તો કલ્યાણ થશે, આહાહા! એ જ્ઞાનીનો ઉપદેશ નથી. વાણી ના દ્વારા એને ખ્યાલ આવી જાય છે, સાંભળવવાળાને. આહાહા! કેમકે પુણ્ય પણ સોનાની બેડી, પાપ લોઢાની બેડી, પુણ્ય સોનાની બેડી. સોનાની બેડી. એમ! તમારે લોઢાની બેડીથી બંધાવું નથી, આજ સોનાની બેડીથી બંધાવું છે. ભાઈ સાહેબ! મારે બંધાવું નથી. અરે ભાઈ! સોનાની બેડી!! બેડીમાં બંધન છે ને. પુણ્યના પરિણામ પણ ભાવબંધ અને પાપના પરિણામ પણ ભાવબંધ છે, ભાવ મોક્ષ નથી. આહાહા!

મુમુક્ષુ:- દૌલતરામજી એ છઢાળામાં લખ્યું છે કે રાગ આગ દહે સદા.

મુમુક્ષુ:- એમાં ભેદ નથી કર્યો કે, પાપ રાગ આગ છે પુણ્ય રાગ આગ નથી, એવો ભેદ નથી પડયો.

ઉત્તર:- એવો ભેદ નથી પડયો, ભેદ છે જ નહીં. પુણ્ય પાપમાં જે ભેદ કરે છે, એ ધોર સંસારમાં રખડે છે. એવું કુંદકુંદ ભગવાનનું વચન છે. પુણ્ય પાપ એક કોટિના દુ:ખદાયક બંધનું કારણ. આહાહા! હેય તત્વ છે. પાપ હેય છે અને પુણ્ય ઉપાદેય છે, એમ નથી. આહાહા હેયનો અર્થ દ્વેષવાચક નથી, ઉપેક્ષા વાચક, મારો સ્વભાવ નથી, બસ એટલુંજ. રાગ દ્વેષ કરવાની વાત તો જિનાગમમાં છે જ નહીં.

આત્માનું હિત કરવાની વાત છે. બાકી જાણવાના વિષય તો ઘણા છે. હજારો આગમ છે. આયુષ્ય ઓછું, પ્રવૃતિ વધારે, નિવૃતિ ઓછી, બુધ્દ્ધિ ઓછી, સમજ્યા? એમાં તો પ્રયોજનભૂત આપણું કામ કરી લેવું જોઈએ.

મુમુક્ષુ:- એમનો પ્રશ્ન છે બાબુજીનો.

ઉત્તર:- ઘણું સારું! એ પણ પ્રશ્ન કરી શકે છે.

મુમુક્ષુ:- ઘણો જૂનો પ્રશ્ન છે એમનો. અમે લોકો ભણતા હતા ત્યારનો પ્રશ્ન છે.

ઉત્તર: બહુ સારો! પ્રશ્ન તો હોય છે અને પ્રશ્ન કરવાથી આપણું સમાધાન કરવાની ભાવના હોય છે. પ્રશ્ન કરવાવાળા ની મૂંઝવણ (અસમંજસ ) હોય છે, તો પ્રશ્ન થાય છે. એને સાચો ઉત્તર મળે, તો એને માર્ગદર્શન મળી જાય છે. પ્રયોજન તો એ જ છે.

મુમુક્ષુ:- સાચો ઉત્તર મળશે આજે એટલે પ્રશ્ન આવી ગયો.

ઉત્તર:- સારું!

મુમુક્ષુ:- શ્રીમાનજી! શ્રી રામચંદ્રજી ક્ષાયિક સમ્યગદ્રષ્ટિ હતા.

મુમુક્ષુ:- જ્યારે ક્ષાયિક સમ્યગદ્રષ્ટિ હતા ત્યારે એમણે મોટા- મોટા યુધ્ધ મહિનાઓ સુધી લડતા રહ્યા,

મુમુક્ષુ:- જેમાં લાખો પાંચ ઇન્દ્રિય જીવોને મોતને ઘાટ ઉતારતા રહ્યા. એટલું મોટું પાપ તો સાધારણ મનુષ્ય પણ નથી કરી શકતો.

મુમુક્ષુ: - ત્યારે તો ક્ષાયિક સમ્યગદ્રષ્ટિ(હતા) ત્યારે ક્ષાયિક સમ્યકત્વ નું શું મહત્વ રહ્યું?

ઉત્તર:- પહેલાં તો રામચંદ્રજી ક્ષાયિક સમ્યગદ્રષ્ટિ હતા, એક વાત. અને પુરુષોતમ પુરુષ, એજ ભવમાં જેનો મોક્ષ થઈ ગયો. એજ ભવમાં, સમજ્યા? મોક્ષમાર્ગમાં તો હતા અને મોક્ષ થઈ ગયો. તો એવા રામચંદ્રજી ક્ષાયિક સમ્યગદ્રષ્ટિ હોવા છતાં પણ એવી લડાઈ કેમ કરી કે જેમાં હજારો લાખો સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યનો ઘાત થઈ ગયો? સમજી ગયા? મનુષ્યનો ઘાત થઈ ગયો. ઘાત એમણે નથી કર્યો, ઘાત થઈ ગયો. તો એમણે કર્યો નથી. કર્તા બુધ્ધિ વાળાને એમ લાગે છે કે રામચંદ્રજી એ કર્યું. પણ રામચંદ્રજીએ (ઘાત) જાણ્યો, પણ (ઘાત) કર્યો નથી. આત્માને જાણતા-જાણતા એ જે થાય છે, એ કામ થાય છે, એને જાણે છે. એમણે કર્યું- બર્યું નથી. અને બીજી વાત, સાચેસાચ તો ઉપદાનરૂપથી તો કર્યું નથી, પણ નિમિત્ત કર્તા પણ એ નથી. અને આ નિમિત્ત થાય છે તેમાં, એ તો પરના ઘાતમાં પર નિમિત્ત થાય છે. આત્મા અને આત્માના આશ્રયથી થયેલું પરિણામ, સંવર નિર્જરા એમાં નિમિત હોતા નથી.

હા એટલે વાત છે, થોડી અસ્થિરતાનો રાગ છે, થોડી અસ્થિરતાનો રાગ છે. ચારિત્રનો દોષ લાગે છે. શ્રધ્ધાનો દોષ લાગતો નથી. કેમકે એમાં કર્તાબુધ્ધિ છૂટી ગઈ, એકત્વ બુધ્ધિ છૂટી ગઈ છે. એ અંદરની રમત છે અને બહારથી જૂવો તો કર્તા લાગે છે રામચંદ્રજી. સમજ્યા? પણ અંદરમાં જો તપાસ કરે, તો ખ્યાલ માં આવે. અંદરની વાત છે, અંદરની રમત છે. ભેદજ્ઞાનીને કર્તા-ભોક્તાની વાત છૂટી ગઈ છે. થાય છે, એને જાણે છે. હાં! હાં! એટલું સાચું છે કે થોડો ચારિત્રનો દોષ છે. સ્વરૂપમાં લીન નથી રહી શકતો તો ચરિત્ર નો જરા દોષ આવે છે, થોડો આવે છે. અલ્પ દોષ, એ અલ્પ દોષ છે. અનંત સંસારનું કારણ નથી. એક વાત.

બીજું, એક દ્રવ્યને બીજું દ્રવ્ય કોઈ મારી શકતું નથી અને જીવિત કરી શકતું નથી. એ મુખ્ય (મૈન ) ચીજ જૈન દર્શનની છે. આહાહા! એ એણે મને માર્યો અને હું એને મારુ છું, એ એક બીજાને

કોઈ મારી શકતું નથી. એના આયુષ્યનો ક્ષય થવાનો કાળ હતો, ત્યારે બાહ્ય નિમિત કવું છે? એનું જ્ઞાન કરાવ્યું છે. બાકી કર્યું-બર્યુ નથી, એવી અંદરની વાત છે. આહાહા! હાં! રાગ છે, એટલો દોષ તો છે. જ્ઞાનીને પણ છૂટ નથી. થોડો દોષ તો લાગે છે. જાણે છે કે આ દોષ છે. પણ સ્વરૂપમાં લીન નથી રહેતો તો દોષ આવી જાય છે. એ નિર્જરાનો હેતુ છે. આહાહા! એ વાત અલૌકિક છે. જ્ઞાનીની વાત જ્ઞાની જાણે. બીજો કોણ જાણે? ક્ષાયિક સમ્યગદ્રષ્ટિ છે એ તો બરાબર, એજ ભવે જ મોક્ષ થવાનો હતો, બરાબર. આહાહા! પણ થોડો રાગ એમ આવે છે, રાગની ચાલ છે, સ્વાંગ છે, જાણે છે. એ લાંબો સમય ટકવાનો નથી.

એમ શાન્તિનાથ ભગવાન, અરનાથ, કુંથુનાથ- ચક્રવર્તી, કામદેવ અને તીર્થંકર. સમજ્યા? ચક્રવર્તીને તો ૧૬૦૦૦ રાણીઓ હોય છે. ચક્રવર્તીને ૧૬૦૦૦ રાણીઓ છે જ નહીં. એની પાસે તો જ્ઞાન છે. આહાહા! આત્માનું જ્ઞાન અને રાણી છે એનું જ્ઞાન પણ રાણી મારી છે, એવું અભિપ્રાયમાં છે જ નહીં. જળ કમળવત્ જેવી સ્થિતિ હોય છે જ્ઞાનીની. એવી અંદરની વાત છે. બચાવ નથી કરતા.

મુમુક્ષુ:-જ્યારે રાગ નથી તો ભોક્તા કેમ છે?

ઉત્તર:- રાગ, આત્મદ્રષ્ટિવાળાને રાગ હોય છે. પણ ભોક્તા નથી. કેમકે એની અંદર એકત્વબુદ્ધિ નથી. આનંદનો ભોક્તા છે અને દૂ:ખનો જ્ઞાતા છે. શું કહ્યું? આનંદનો ભોક્તા છે અને દૂ:ખનો જ્ઞાતા છે. આનંદનો પણ ભોક્તા અને દૂ:ખનો પણ ભોક્તા એવું નથી. અજ્ઞાની દૂ:ખનો ભોક્તા છે, જ્ઞાની આનંદનો ભોક્તા છે અને દૂ:ખનો જ્ઞાતા રહે છે. ભોક્તા બનતો નથી.

મુમુક્ષુ:- શ્રોતા: રહસ્યમય વાત છે.

ઉત્તર:- રહસ્યમય વાત છે. અંદરની વાત છે. એ બધી સર્વજ્ઞ ભગવાને બતાવેલી. શાસ્ત્રમાં પણ બધી વાત છે. શાસ્ત્રમાં પણ બધી, બધી વાત છે શાસ્ત્રમાં ખુલાસા. ચારે અનુયોગોમાં બધા ખુલાસા છે. પ્રથમાનુયોગ માં તો એવી વાત આવે છે કે કોઈ સહન ન કરી શકે. એવી-એવી વાત પણ આવે છે. આહાહા!

જૂવો! માઘનંદી આચાર્ય થઈ ગયા. સમર્થ. સમજયા? આહાહા! તો જ્યારે કુંભારે એમને કહ્યું કે જરા ધ્યાન રાખજો, એની છોકરીનું. હું હમણાં આવું છું. એ એના પિતાજી ગામમાં ગયા અને છોકરી ત્યાં રહી ધ્યાન રાખવા માટે. કાચી હોય છે ને માટીના. એ દરમ્યાન શું થયું? કે આંધી આવી ગઈ એકદમ વાદળાં, એકદમ ઘનઘોર થઈ ગયું. તો એ પિતાજી એ ઘર પર જોયું, આગળ વરસાદ તૂટી પડશે, તૂટી પડશે. અને એ બધા અમારા (માટીના) વાસણ બધા ખતમ થઈ જશે, પાણી થઈ જશે. સમજ્યા? એ ત્યાં ચીંતા કર્તા હતા. એ ત્યાં રડવા માંડી છોકરી, ખૂબ રડવા માંડી. ખૂબ રડવા માંડી. તો માઘનંદી આચાર્ય ગુફામાં બેઠા હતા અને ત્યાંથી અવાજ આવ્યો. આહાહા! જૂવો બનાવ કેવો બન્યો? તો તેઓ પાસે આવ્યા, બોલ્યા શું છે? કે મારા પિતાજીએ મને ધ્યાન રાખવાનું કહીને ગયા પણ હું કેવી રીતે ધ્યાન રાખું. હમણાં તો વરસાદ તૂટી પડશે. એટલે હું રડું છું. અમારી મહેનત બધી બેકાર (નકામી) થઈ જશે. અને મારા પિતાજી મને વઢશે, મારશે. સમજ્યા?

સારું! એમ છે? તો કરુણા આવી ગઈ. બનાવ બનવાવાળો હતો, બનાવ બનવાવાળો હતો. એમણે પીંછી આમ ફેરવી ત્રણ વાર, નિભાડા હોય છે ને, એની આજુ-બાજુ અને પછી વરસાદ

આંધી ફાટી, એક ટીપું પાણીનું એમાં ન પડયું. આજુ-બાજુમાંથી પાણી નીકળી ગયું. એના પિતાજી દોડીને અહિયાં આવ્યા, જોયું, ઓહો! કે શું ચમત્કાર? છોકરીને પૂછ્યું શું થઈ ગયું? કે એક યોગી મહારાજ ધર્માત્મા આવ્યા હતા. તો એમણે આ બચાવી દીધું, આ આપણું કામ.

હવે મારી પ્રતિજ્ઞા છે કે લગ્ન કરું તો એમની સાથે કરું. અરે! એ તો બ્રહમચારી સાધુ ભાવલિંગી સંત, આનંદ ભોગવવવાળા. આહાહા! છોકરીએ તો પ્રતિજ્ઞા કરી લીધી. લગ્ન કરું તો એની સાથે. સમજ્યા?

તો પિતાજી ત્યાં ગયા. એમણે વિનંતી કરી કે અમારી છોકરી મારી જશે. શું છે? શું છે? કે હમણાં તો તું બચી ગયો ને. કે નહીં એમ નથી કે હવે એણે પ્રતિજ્ઞા કરી લીધી છે કે આપની સાથે લગ્ન કરવા છે.

બોલો! ચારિત્રવંત ધુરંધર ભાવલિંગી સંત, એ તો સિધ્ધ નગરીમાં જવાવાળા છે. તો બનાવ શું બન્યો? કે જે થવાવાળું છે. થવાવાળું થાય છે. ન થવાવાળું થઈ ગયું, એવું નથી. કર્તાબુધ્દ્વિવાળાને એમ લાગે છે. જ્ઞાતા બુધ્દ્વિ વાળાને એમ લાગે છે કે હોનહાર થાય છે. આહાહા! થવા યોગ્ય થાય છે.

એની સાથે લગ્ન કર્યા. સમજ્યા? અને ઘડો બનાવ્યો, માટલાં બનાવવા લાગ્યા. કેમકે બનવું જોઈએ કે નહીં? પરંતુ મોર પીંછી અને કમંડલ ત્યાં રાખ્યા હતા. સમજ્યા? તો એમ બન્યું કે કોઈ સંઘની અંદર પ્રાયશ્ચિતનો પ્રશ્ન આવ્યો. મુનિને કોઈ દોષ લાગે, અતિચાર, અનાચાર નહીં. અતિચાર લાગે, તો દોષ હોય, તો પ્રાયશ્ચિત લઈ લે છે. તો એ પ્રાયશ્ચિતનો પાઠ કોઈને ખ્યાલમાં નહીં. તો અંદર-અંદર ચર્ચા થઈ કે એક માઘનંદી આચાર્ય (છે), એમની પાસે આ વિધા છે. પાઠ છે. તો કોઈ એ કહ્યું કે એ તો થઈ ગયા કુંભાર. એ ગૃહસ્થ થઈ ગયા. સમ્યગ્દર્શન તો રહી ગયું. સમ્યકત્વ નહોતું ગયું, ધ્યાન રાખજો. હાં!

સમ્યગ્દર્શનના ઘાતક એ પરિણામ નથી. ચારિત્રના ઘાતક જરૂર છે. ચારિત્ર ગયું, સમ્યગ્દર્શન રહ્યું. તો આવ્યા મુનિ, કે એક અમારી વિનંતી છે કે પ્રાયશ્ચિતનો પાઠ અમે નથી જાણતા. સારું! આજ સુધી અમારું નામ?!! બસ! વૈરાગ્ય આવી ગયો. મોર પીંછી કમંડળ લઈને ભાગ્યા. છોકરી રડવા લાગી. હવે અમારો રાગ પૂરો થઈ ગયો. ખતમ! સમજ્યા?

બે વિભાગ જુદા છે. એ બે વિભાગ જીવને ખ્યાલમાં નથી આવતા. શ્રધ્ધાનો ગુણ અને ચારિત્રનો દોષ, એ સાથે રહે છે. સાથે રહે છે. એકત્વ નથી હોતું. સાથે-સાથે શ્રધ્ધાનો ગુણ અને ચારિત્ર નો દોષ, સાથે જ રહે છે. બે ગુણ જુદા છે. બે ગુણની યોગ્યતા જુદી છે અને બે ગુણનું નિમિત પણ જૂદું છે. આહાહા!

એક વાર ગુરુદેવ બેઠા હતા. તો એક ભાઈ આવ્યા કે આપ પુણ્ય નહીં કરવાનું કહો છે, તો બધા પાપમાં ચાલ્યા જશે. હું બેઠો હતો, સાથે, પાસે. મે એ ભાઈ ને કહ્યું કે પુણ્યથી ધર્મ માનવો છોડાવે છે. પુણ્ય છોડવાની વાત અહિયાં નથી. પુણ્યથી ધર્મ માનવાની માન્યતા છોડાવે છે. વિપરીત શ્રધ્ધાનો ત્યાગ કરાવે છે. પુણ્ય છોડો, એવો ઉપદેશ નથી. કર્તા નથી તો છોડે કોણ? કર્તા પણ નથી તો છોડે છે કોણ? આહાહા! જાણે છે. આવે છે તો જાણે છે અને જાય છે તો જાણે છે. અને આત્મા ટકે છે, એને પણ જાણે છે. ટકવવાળાને જ જાણે છે. કોઈ આવે અને કોઈ જાય, એને પણ

જાણે છે. આત્મામાં રહે છે જ્ઞાની તો, એવી વાત છે.

કોઈ જૈનદર્શન માં છુટ નથી. પુણ્ય છોડીને પાપનો ઉપદેશ તો છે જ નહીં. પુણ્યથી ધર્મ માનવાનું છોડી દો. પુણ્યતો સાધકને પણ, મુનિરાજને, પાંચ મહાવ્રત આવે છે, એ પુણ્ય તત્વ છે. એ પુણ્ય તત્વ છે કે નહીં? પણ પાંચ મહાવ્રત બંધના કારણ છે, એમ જાણે છે. એ સંવર નિર્જરાનું કારણ નથી, એમ જાણે છે. સમજ્યા?

મુમુક્ષુ:- તીર્થંકરને કેમ નથી આવતું પાંચમું ગુણસ્થાન? તીર્થંકરને પાંચમું ગુણસ્થાન કેમ નથી આવતું?

ઉત્તર:- તીર્થંકરને ? પાંચમું ગુણસ્થાન આવી જાય છે. નહીં ચોથું પહેલાં આવે છે, પછીથી પાંચમામાં જ રહે છે.

મુમુક્ષુ:-ના પાંચમામાં નથી રહેતા?

મુમુક્ષુ:- નહીં આઠ વર્ષ પછી પાંચમું થઈ જાય છે.

ઉત્તર:- આઠ વર્ષ પછી પાંચમું થઈ જાય છે. આઠ વર્ષ સુધી ચોથું રહે છે, અવિરત સમ્યગદ્રષ્ટિ. તીર્થંકર આઠ વર્ષ થયા, આઠ વર્ષ પછી પંચમ ગુણસ્થાન આવી જાય છે.

મુમુક્ષુ:- પુરાણમાં લખ્યું છે ચોથામાં આવીને જંપ (કૂદકો) મારીને છઠામાં માં સીધા નીકળી જાય છે, મહાન પુરુષોની મહાનતા છે, પાંચમામાં નથી આવતા.

ઉત્તર:- આ તો કોઈ કોઈને એમ થાય છે. કોઈ જીવ, સામાન્ય જીવ, ચોથામાંથી હટીને છઠા સાતમામાં આવી શકે છે, કોઈ એમાં બાધા નથી. બાકી તીર્થંકરને આઠ વર્ષ પછી પંચમ ગુણસ્થાન આવે છે. એમ પ્રથમાનુયોગમાં લખ્યું છે. વાંચી લેજો.

મુમુક્ષુ: પરમ કૃપાળુ શ્રી સદગુરુ દેવનો જય હો.